સમાજ સુરક્ષા પ્રભાગ હસ્તકની જિલ્લા કચેરીઓમાં કચેરીના વડા તેમજ નિયંત્રણ અધિકારી જાહેર કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/EOD/e-file/17/2026/0997/CHH
સચિવાલય, ગાંધીનગર
તા.૦૬/૦૬/૨૦૨૬

વંચાણે લીધા:-

(૧) આ વિભાગનો તા.૦૧/૦૧/૨૦૨૬નો ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2025/3014/CHH

(૨) આ વિભાગનો તા.૧૩/03/૨૦૨૪ નો ઠરાવ ક્રમાંક: SJED/NIR/e-file/17/2023/3291/CHH

(૩) મહેસૂલ વિભાગનો તા.૨૪/૦૯/૨૦૨૫ના જાહેરનામા ક્રમાંક: GHM/2025/210/M/RD/RCO/e-file/15/2025/5360/L1

(૪) નિયામકશ્રી, સમાજ સુરક્ષા કચેરીનો તા.30/૦૪/૨૦૨૬નો પત્ર ક્રમાંક: DSD/etc/e-file/226/2026/0252/Administrative Branch

(૫) નાણાકીય સત્તા (સોંપણી) નિયમો, ૧૯૯૮

આમુખ:-

વંચાણે લીધેલ ક્રમાંક (૩) સામેની નોટિફીકેશનથી વાવ-થરાદ જિલ્લાની રચના કરવામાં આવેલ છે. સદર જિલ્લામાં વંચાણે લીધેલ ક્રમાંક (૧) સામેના ઠરાવથી બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, વર્ગ-૨ની નવી જગ્યા ઉભી કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમાંક (૨) સામેના ઠરાવથી વર્ષ-૨૦૨૪માં સમાજ સુરક્ષા પ્રભાગ હેઠળ ૦૮ મહાનગરપાલીકાઓ (અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર, જુનાગઢ અને ગાંધીનગર) તથા ૦૪ જિલ્લા કચ્છ, બનાસકાંઠા, દાહોદ અને મહેસાણાની જિલ્લા કચેરીઓ ખાતે નાયબ નિયામક, વર્ગ-૦૧ની કુલ-૧૨ જગ્યાઓ ઉભી કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક (૪)સામેના પત્રથી સદરહુ જિલ્લા કક્ષાની કચેરીઓ ખાતે નાયબ નિયામક, વર્ગ-૧ને કચેરીના વડા તેમજ નિયંત્રણ અધિકારી જાહેર કરવા અને સદરહુ બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરીઓને નાયબ નિયામક, સમાજ સુરક્ષાની કચેરી તરીકે જાહેર કરવા તેમજ બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, વાવ-થરાદને કચેરીના વડા તરીકે જાહેર કરવા દરખાસ્ત કરવામાં આવેલ, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

પૂખ્ત વિચારણાના અંતે બાળલગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, વર્ગ-૨ને જિલ્લા સમાજ સુરક્ષા કચેરી, વાવ-થરાદના કચેરીના વડા તથા ૦૮ મહાનગરપાલીકાઓ (અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર, જુનાગઢ અને ગાંધીનગર), ૦૪ જિલ્લા- કચ્છ, બનાસકાંઠા, દાહોદ અને મહેસાણાની જિલ્લા કક્ષાની સમાજ સુરક્ષા કચેરીઓ ખાતે નાયબ નિયામક, સમાજ સુરક્ષા, વર્ગ-૧ને આથી કચેરીના વડા તેમજ નિયંત્રણ અધિકારી જાહેર કરવામાં આવે છે.

તદુપરાંત, ૦૮ મહાનગરપાલીકાઓ (અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ, ભાવનગર, જામનગર, જુનાગઢ અને ગાંધીનગર), ૦૪ જિલ્લા- કચ્છ, બનાસકાંઠા, દાહોદ અને મહેસાણાની જિલ્લા કક્ષાની સમાજ સુરક્ષાની કચેરીઓને નાયબ નિયામક, સમાજ સુરક્ષાની કચેરી તરીકે જાહેર કરવામાં આવે છે.

આ ઠરાવ વંચાણે લીધેલ ક્રમાંક (૫) સામેના નિયમો હેઠળ વહીવટી વિભાગને મળેલ સત્તાની રૂએ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જીગર પટેલ)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા. )ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર\
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- સંબંધિત જિલ્લાના નાયબ નિયામકશ્રી (મારફત નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી (મારફત નિયામકશ્રી, સમાજ સુરક્ષા)
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર /- સદરહુ ઠરાવને વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવા સારૂ...
- સેક્શન અધિકારીશ્રી, છ-૧/છ-૨ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૬